# Visit of Antony J. Blinken, Secretary of State of the United States of America (July 27-28, 2021)

July 23, 2021

# યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના સેક્રેટરી એન્ટોની જે. બ્લિન્કેનની મુલાકાત (જુલાઈ 27-28, 2021)

જુલાઈ 23, 2021

અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટોની જે. બ્લિન્કેન 27 અને 28 જુલાઈ 2021ના રોજ ભારતની મુલાકાત લેશે. તેમણે અમેરિકન સેક્રેટરી ઓફ સ્ટેટનો કાર્યભાર સંભાળ્યો ત્યાર પછી સેક્રેટરી બ્લિન્કેનની આ પ્રથમ ભારત મુલાકાત છે.

28 જુલાઈએ તેઓ વિદેશમંત્રી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારને મળશે.

સેક્રેટરી બ્લિન્કેનની મુલાકાત ઉચ્ચ-સ્તરીય દ્વિપક્ષીય વાટાઘાટ ચાલુ રાખવાની અને ભારત-અમેરિકા વચ્ચે વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવાની તક છે.

બંને પક્ષો ભારત-અમેરિકાના મજબૂત અને બહુપરિમાણિય દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે તથા તેને કઈ રીતે વધારે મજબૂત કરવા તેની શક્યતા જોશે.

તેમાં પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે જેમાં કોવિડ-19 મહામારીમાંથી રિકવરી, ઈન્ડો-પેસિફિક પ્રદેશ, અફઘાનિસ્તાન અને યુએન ખાતે સહકારનો સમાવેશ થશે.

**નવી દિલ્હી**
**જુલાઈ 23, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.